શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૨૧ • તા. ૩ નવેમ્બર થી ૯ નવેમ્બર ૨૦૧૮

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.

## સર્વ જ્ઞાતિજનોને દિવાળીની હાર્દિક શુભેચ્છા તેમજ નૂતન વર્ષાભિનંદન




## શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન



આસો માસે ઉત્સવની ટોળી
લેજો હૈયાને હરખે હિંચોળી
દીવા લઈને આવી દિવાળી
પુરજો ચોકે રૂડી રંગોળી
આપ સોને દિવાળીની ખુબ ખુબ શુભકામનાઓ
અને નવા વર્ષના સાલ મુબારક...
Sure Safety
Complete Safety Solutions
PPE Training Consulting & Services
નીશિથ આનંદ દંડ



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણીલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તીલોકચંદ નરશી દંડ
કિર્તીકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.
**Tel. 9769991922**
**9833406124**

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
www.kdosamastamahajan.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# જ્ઞાતિઓના સંમેલન જરૂરી

સંમેલનએ જ્ઞાતિના પ્રવાહને વર્તમાન સમય સાથે જોડતો પ્રસંગ છે. દેશ-દેશાવરથી વિવિધ મહાજનો પ્રતિનિધિઓ આ સંમેલનની કાર્યવાહીનો હિસ્સો બને. ચર્ચા વિચારણાનો ભાગ બને એ ઉદ્દેશ આમાં હોય છે. સમયાંતરે સ્થળ કાળને અનુપ જ્ઞાતિ મહાજનના ધારા ધોરણ ઘડાય. જ્ઞાતિને ઉપયોગી સગવડ ઊભી થાયએ માટેના ઠરાવ આવે તેની ઉપર ચર્ચા વિચારણા થાય. વિસ્તૃત વિચાર વિનીમય થાય અને સર્વ સંમતિથી ઠરાવ પાસ થાય એ ઉદ્દેશ આવા સંમેલનમાં પ્રયોજાય છે.

સંજોગોવશાત છેલ્લો સંમેલન એને નહીં નહીંતો ત્રણ દાયકા નાનજીક જેટલો અરસો વિતી ગયો છે. આમ જોઈએ તો આખી પેઢી નવી ઉભરી આવી છે. તેમના વિચારો, સૂઝાવોનો પડઘો આગામી સંમેલનમાં પડે એવો પ્રયાસ થવો જોઈએ.

યુવાન પેઢીને જ્ઞાતિને શું છે? મહાજનનું વહીવટ, કાર્યવાહી શું, કેમ થાય છે. સૌના વિચારો, કઈ રીતે બહાર આવે છે. તેનું પ્રત્યક્ષ દર્શન મહાજનના પ્રતિનિધિ તરીકે યુવાનો જોઈ શકે છે. આ અનુભવની જાત માહિતી મેળવી શકશે. ભવિષ્યનો દોર આ પેઢી સંભાળશે એને ઘડવા આવા સંમેલન પાઠશાળાની ગરજ પૂરી પાડે છે.

સંમેલન જ્ઞાતિના વ્યવહારને સરળ કરવા તેમાં સમય અનુસાર બદલાવ લાવવા વિવિધ મહાજનોના અભિપ્રાયનો પડઘોએ દ્વારા પડે છે. પણ આવા સંમેલનો ઠરાવિક સમયાંતરે થાય એવું આયોજન ઘડવું જોઈએ એ સમયગાળો પાંચ, સાત કે દસ વર્ષનો હોવો જોઈએ. આવા આયોજન ભગીરથ છે. એ હકીકત છે. ખર્ચાળ છે. જહેમત ભર્યા છે. પણ એ વિચાર વલોણ મંથન કરાવે છે. સમસ્ત સમાજને સજાગ કરે છે. વિવિધ વિભાગ, દરેક પેઢને સ્પર્શતા પ્રશ્નોનો ઉકેલ આવા સંમેલનો સરળતાથી ઉકેલાય છે. વળી આ પ્રકારના મહાસંમેલનો વિવિધ વિસ્તાર-પ્રદેશ-પ્રાંતમાં યોજાતા હોવાથી જેતે પ્રદેશ પ્રાંત મહાજનો સાથે સૌ ગાઢ રીતે સંકળાય છે.

આ એક મહામંથન છે. સમુદ્રમંથન છે. જેમાંથી નવનીત મળે છે. એ આવનારો સમયમાં સૌને માટે ઉપયોગી નીવડે છે.

જય જ્ઞાતિમૈયા

# શ્રી ભગવતી મહાકાલી મંડળ હુબલીના આશ્રયે રંગે ચંગે ઊજવાયો નવરાત્રી ઉત્સવ



વિજયાદશમી તા.૧૮-૧૦-૧૮ના વહેલી સવારે મહાકાલી માતાજીની આરતી ઉતાર્યા બાદ આ દાતાશ્રીઓને સ્ટેજ પર બિરાજીત કર્યા બાદ નવકાર મંત્રથી કાર્યક્રમની શરૂઆત કરી. દાતાશ્રીઓને ભેટ તથા પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માનિત કરાયા હતા.

આભાર વિધિ કરતા ભાઈશ્રી શાંતિલાલ રામજી લાલકાએ સૌ જ્ઞાતિશ્રીઓનો, મહાજનશ્રીનો, સકળ સંઘને તેમજ કાર્યક્રમને ચાર ચાંદ લગાડનાર યુવક/યુવતીઓ કે જેમણે ૧૫/૨૦ દિવસથી પોતાના સમયનો ભોગ આપી આકર્ષક મીક્ષ-ગરબો કરી યાદ કરી રજુ કર્યો હતો તેમજ હોલને બાંધણી વગેરેથી સુશોભિત કરવાની ખાસ જહેમત ઊપાડી હતી એ સૌનો આભાર માન્યો હતો. સૌના સથવારે મંડળે ઉત્સવના ૨૨ વર્ષ પુર્ણ કર્યા હતા.

મીક્ષ ગરબાએ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આના કોરીયોગ્રાફર તરીકેની સેવા ચિ. દ્રિષ્ટી નિલેશ શાહે તથા સૌ હીરલ ભાવેશ શાહે આપી હતી. એમને ભેટ આપી નવાજવામાં આવેલ.

સ્વૈચ્છિક ફાળો નોંધાવનાર સૌ દાતાશ્રીઓનો પણ આભાર માનવામાં આવેલ કે જે ફાળાનો ઉપયોગ પક્ષીના ચણ માટે કરવામાં આવે છે.

આ પ્રસંગે ગયા વર્ષ મંડળના કાર્યકર શ્રી ચિમનલાલ મુલજી દેસાઈ સ્વર્ગસ્થ થવાથી મંડળને પડેલી ખોટ બદલ એમને પણ યાદ કરી શ્રધ્ધાંજલી અર્પણ કરાઈ હતી.

ત્યારબાદ હરીફાઈના વિજેતાઓ કાર્યક્રમના વિજેતાઓ તેમજ ફટાકડા ન ફોડનાર બાળકોને દાતાશ્રીઓના હાથે ઈનામો વિતરણ કરાયા હતા.

કાર્યક્રમની પુર્ણાહૂતિ પ્રસંગે શ્રી શાહ ગ્રુપ પરિવાર તરફથી રાખવામાં આવેલ. અલ્પાહારને ન્યાય આપી સૌ છુટા પડ્યા હતા.

બપોરે ૧૨.૧૦ કલાકે માતાજી પોતાના મુળસ્થાને બિરાજવા વિદાય થયા હતા અને સાંજે ૬.૩૦ કલાક મૂળ સ્થાનમાં શ્રી ગુલાબચંદ શામજી ખોના પરિવાર તરફથી ભાવના ભણાવવામાં આવી હતી.

સૌ. લલિતાબેન હીરાચંદ દંડે, શાંતિલાલભાઈ રામજી લાલકાની અથાગ મહેનતની પ્રશંસા કરતા ધન્યવાદ અર્પતાં બે શબ્દો વર્ણાવ્યા હતા.

ઉત્સવ દરમ્યાન કાર્યક્રમો અને વિજેતાઓ આ મુજબ હતા.

# શ્રી ભગવતી મહાકાલી મંડળ હુબલી.... (૪થા પાનેથી ચાલુ)




શ્રી ભગવતી મહાકાલી મંડળ

તા.૧૦/૧૦ સરપ્રાઈઝ ઈનામો (૧૦) વિષય બડા મહત્વ હોતા હૈ ઈનામો તુરન્ત અપાયા હતા.

તા.૧૧/૧૦ આરતીની થાળી સજાવટ વિજેતા હતા, પ્રથમ સૌ. પ્રિયાબેન જતીન મોમાયા, દ્વિતીય સૌ. જયશ્રીબેન ગોગરી સિવાય હાઉઝી રમત રમાડી વિજેતાઓને ઈનામી રકમ અપાઈ હતી.

તા.૧૧/૧૦ ગરબી સજાવટના વિજેતા હતા સૌ રેશ્માબેન મૈશેરી સરપ્રાઈઝ ઈનામો (૧૦) વિષય હાસ્યની સંજ્ઞા ઈનામો તુરંત અપાયા હતા.

તા.૧૩/૧૦ યુવા/યુવતીઓ દ્વારા મીક્ષ ગરબો કે જેને એક સદગૃહસ્થ બંધુ તરફથી રૂા.૫૦૦૦/-નું ઈનામી કવર ચિ. દ્રિષ્ટી નિલેશ શાહને સોંપવામાં આવેલ.

તા.૧૪/૧૦ વક્તા શ્રી અશ્વિનભાઈ જોષીની ડીવીડી દેખાડવામાં આવેલ. જેનો વિષય હતાં 'માઁ વિના સુનો સંસાર'.

તા.૧૫/૧૦ નાના બાળકોનો ગરબો દરેક બાળકને ઈનામી કવર આપી નવાજવામાં આવ્યા હતા. ભાઈશ્રી લક્ષ્મીચંદ રાયચંદ લોડાયા તરફથી રૂા.૨૫૧/-નું પ્રોત્સાહન કવર પણ આપવામાં આવેલ. (૧૦) સરપ્રાઈઝ ઈનામો અપાયા હતા. વિષય હતો અક્કલ વગરના માટે કચ્છી શબ્દો શોધો.

તા.૧૬/૧૦ સમસ્ત જ્ઞાતિભાઈ બહેનો માટે દાંડીયા રાસમાં નીચે પ્રમાણેના વિજેતાઓને ઈનામી કવર અપાયા હતા. દાંડીયા કિંગ ભાઈશ્રી પ્રદીપ શાંતિલાલ શાહ, દાંડીયા ક્વીન સૌ. મહીમાબેન મોહિત દંડ, ગરબા કિંગ ચિ. આદીત્ય દેવાંગ મોમાયા, ગરબા ક્વીન સૌ. જિગ્નાબેન નયન મોમાયા, ધમાકેદાર જોડી સૌ. જિગ્નાબેન અને સૌ જિનીશાબેન, અફલાતુન ડ્રેસીંગ ચિ. વૈભવ વિનોદ ધુલ્લા અને સૌ કાજલબેન વિકમશી, બાળકોમાં બેસ્ટ ડ્રેસિંગ ૧) ચિ. હેમ પ્રદીપ શાહ, ચિં. માહી મયુર પટેલ અન્ય ઈનામો આ મુજબ અપાયા હતા.

કોરીયોગ્રાફરની સેવા બદલ ચિ. દષ્ટિ નિલેશ શાહ તથા સૌ. હીરલ ભાવેશ શાહને, રાજસ્થાની ફોક ડાન્સ માટે ચિ. સૌ હીરલ ભાવેશ શાહ.

નિત્યના કાર્યક્રમમાં સહાયક ચિ. સૌ. વિધિબેન દૌલત, બિપીનભાઈ ખીમજી મોમાયાને ભેટથી નવાજવામાં આવ્યા હતા.

ફટાકડા ન ફોડનાર ૩૬ બાળકોને ભેટ આપી નવાજવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉપરોક્ત બાળકો તેમજ અન્ય સૌ નાના બાળકોને શ્રી ખેતશી જેઠાભાઈ કુરૂવા પરિવાર તરફથી બિગ સાઈઝ નોટબુક તથા બોલપેનનું વિતરણ કરવામાં આવ્યું હતું.




# શ્રી ભગવતી મહાકાલી મંડળ હુબલી.... (પાંચમા પાનેથી ચાલુ)





શ્રી ગુલાબચંદ શામજી ખોના તથા સૌ શીલાબેન ભરત ખોનાને જન્મદિવસના વધામણા અર્પી પુષ્પ અર્પણ કરવામાં આવેલ અને તંદુરસ્તમય દિર્ઘાયુષ્યની શુભેચ્છા વ્યક્ત કરવામાં આવેલ.

અલ્પાહાર બાદ કાર્યક્રમની પુર્ણાહુતી થઈ હતી સૌ વિખેરાયા હતા.

ખાસ નોંધ : કચ્છ દુષ્કાળ રાહત ફંડના મહાજનશ્રીના ખાતામાં પશુઓના ઘાસચારા માટે શ્રી ભગવતી મહાકાલી મંડળે રૂા.૧૧૦૦૦/-નું યોગદાન આપેલ છે. રકમ શ્રી ક.દ.ઓ.જૈન મહાજનશ્રી હુબલીને સોંપવામાં આવી.

પર્વ દરમ્યાન આરતીના થાળમાં જમા થયેલ રકમ રૂા.૭૬૦૦/- તથા અષ્ટમીના બે આરતીના ધૃતની રકમ પણ જૈન મંદિરે જમા કરાવવામાં આવી.

**– સંકલન : શાંતિલાલ રામજી લાલકા (હુબલી)**


**જ્ઞાતિમૈયાના જૂના અંકો જોવા-વાંચવા માટે જુઓ**

**www.kdosamastamahajan.org**



**આમાં છેલ્લામાં છેલ્લો અંક ઉપરાંત અગાઉના બધા અંક જોવા-વાંચવા મળશે**

**પીડીએફ નકલ ડાઉનલોડ કરી પ્રિન્ટ હાથ વગી કરી શકશો**

# ચેન્નાઈ જ્ઞાતિ મહાજન દ્વારા તપસ્વી બહુમાન અને સામૂહિક ક્ષમાપના કાર્યક્રમ યોજાયો





શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન ચેન્નઈ દ્વારા તા.૩૦-૯-૨૦૧૮ રવિવારના સવારના ૯ વાગે શ્રી પ્રવિણભાઈ દામજી ડાઘાના નિવાસ સ્થાને સામુહિક ક્ષમાપના અને તપસ્વીઓના બહુમાનનો કાર્યકરમ યોજવામાં આવેલ. સર્વ પ્રથમ સહુએ અલ્પાહારને માન આપેલ. ત્યારબાદ કાર્યક્રમનો શુભારંભ પ્રભુ સ્તુતિથી ચિ. તૃપ્તી ડાઘા, સૌ. સિધ્ધી ગંગર, સૌ. જિનલ ખોના, ચિ. હેત્વી અજાણી, ચિ. અર્નવ ખોનાએ કરેલ. શ્રી તિલકચંદભાઈ લોડાયાએ ક્ષમાપના દોહરાવી. યુથ ફોરમના પ્રેસિડેન્ટ નૈવીલ મોતાએ ક્ષમાપના કરી આગામી ડિસેમ્બરમાં યોજાનાર જ્ઞાતિ ચતુર્થ સંમેલનમાં યુથ સભ્યોને ટેલેન્ટ દરમ્યાન પ્રોગ્રામ આપવા સૂચિત કર્યા.





પર્વ દરમ્યાન તપધર્મમાં જોડાનાર તપસ્વી રત્નોનું બહુમાન કરવામાં આવો.

(૧) શ્રી જયેશભાઈ કાનજી ઘરોડ આયંબીલનનો ૭૦મો ઓળી કુલ આયંબીલ ૩૦૮૧ અને ૧૧ વર્ષથી આયંબીલની અખંડ ધારા ચાલી રહી છે. ધન્ય તપસ્વી! (૨) શ્રી પ્રફુલભાઈ ઉમરશી મોતા સળંગ બીજુ વર્ષીતપ આરાધના. (૩) સૌ. અનુપમા રાજેશ મોમાયા વર્ધમાન તપનો પાયો નાખેલ છે. અઠાઈ ૯ ઉપવાસ નવકાર તપ કરી ચુક્યા છે. (૪) ચિ. નૈવીલ પ્રફુલ મોતા ૧૬ ઉપવાસ, ૨૦૦૯ થી અઠાઈ ૧૬, ૩૦ (માસખમણ), ૧૧, ૯, ૯ અને દમણ સેવી (૫) ચિ. મીત રાજેશ મોમાયા અઠાઈ તપ, ૨૦13 થી અઠાઈ ૯ અને અઠાઈ. (૬) જયશ્રીબેન પ્રફુલ મોતા, અક્ષય નિધી તપ ચોથુ વર્ષ (૭) દીપા અમીત લાપસીયા, અક્ષય નિધી તપ ત્રીજુ વર્ષ (૮) મીનલ ગંગાજર મોમાયા, અઠ્ઠમ તપ (૯) પ્રતિક કિશોર મોતા, ૩ ઉપવાસ

હૈદ્રાબાદ મુકામે યોજાયેલ એકમ મહિલા મંચ સમારંભમાં ચેન્નઈ મંચથી સૌ. સોનીયા અજાણી, સૌ. ભાવીક અજાણી, સૌ. અનુપમા મોમાયાઓ હાજરી આપેલ. તેઓએ ત્યાંના કાર્યક્રમો વિષેનો પોતાનો વક્તવ્ય સહુ સમક્ષ રજૂ કરેલ. જે અનુમોદનીય છે. શ્રી તિલકચંદભાઈ લોડાયાએ મહિલા મંચની સ્થાપના અને નામકરણ વિધિ વિષે સરસ જાણકારી આપી.

શ્રી પ્રવિણભાઈ ડાઘાએ પ્રભુ મહાવીર પ્રેરિત ૫ કર્તવ્યો વિષે સરળશૈલીમાં સમજાવ્યા મહાજનના સેક્રેટરી શ્રી રાજેશભાઈ મોમાયાએ અને મહાજનમાં ત્રણ નવા પરિવારોના સદસ્યોની ઓળખાણ કરાવી અને મહાજનમાં નવા સભ્યોની સંખ્યા વધવા બદલ હર્ષ વ્યક્ત કર્યો હતો. પ્રિયંકા દેવક ચિંતન લાલકા, અંકુર ડાઘા, કિમ પ્રદીપ આર. વીચંદર મહાજનના નવા સભ્યો બન્યા. સવારની નવકારશી તેમજ તપસ્વીઓના બહુમાનના લાભાર્થી માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવારનો બહુમાન કરવામાં આવેલ.

પધારેલ સર્વે સભ્યોનો, લાભાર્થી પરિવાર તેમજ જેમના પ્રાંગણમાં કાર્યક્રમનો આયોજન થયેલ એ પ્રવીણભાઈ દામજી ડાઘા, તપસ્વીઓએ કાર્યક્રમમાં પધારી શોભા વધારેલ એ સહુનો મહાજનના પ્રમુખશ્રી જયશ્રીબેન મોતાએ આભારવિધિ કરેલ.

|| શ્રી અનંતનાથાય નમઃ ||



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
## દ્વારા આયોજીત

**યજમાન : શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, નલિયા**

**સ્થળ : શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી નગર, નલિયા અબડાસા, કચ્છ**

**મુખ્ય સહયોગી : શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી, કચ્છ તેરા, માટુંગા**

**હસ્તે શેઠશ્રી હંસ બી. ખીમજી, તેરા માટુંગા**

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિજનો જોગ,

સવિનય જણાવવાનું જે **શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતીનું ચર્તુથ સંમેલન તા.૨૩, ૨૪ અને ૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના રવિવાર, સોમવાર અને મંગળવાર** ના દિવસે નલીયા મુકામે **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, નલીયા**ના યજમાન પદે આયોજન કરવામાં આવી રહ્યું છે. જેની નોંધ લેશોજી.

આ અંગેની વધુ માહિતીઓ જ્ઞાતિના તમામ મહાજનોને ટુંક સમયમાં મોકલવામાં આવશે.

સર્વે જ્ઞાતીજનો, જ્ઞાતી સંસ્થાના પદાધિકારીઓને જાણ થાય કે આ સમય દરમ્યાન પોતપોતાના અંગત તથા સંસ્થાગત કાર્યો ગોઠવવા નહી, જેથી જ્ઞાતિજનો સંમેલનમાં ભાગ લઈ શકે.

સંમેલન પ્રસંગે પધારનાર પ્રતિનિધિઓને **તા.૨૨-૧૨-૨૦૧૮ શનિવાર** ના નલિયા મુકામે પહોંચવાનું રહેશે.

**નીશિથ એ. દંડ**
(સેક્રેટરી જનરલ)

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

(ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ આર નં.એ ૩૯૨૬ (મુંબઈ) ૧૯૯૨)

mahajansamast@gmail.com

## મેડિકલ એડવાઈઝરી કમિટી દ્વારા સંમેલનની તૈયારીઓના ભાગરૂપે મિટીંગ યોજાઈ







ડિસેમ્બરના નલિયા ખાતે યોજાનારા સંમેલનની પૂર્વ તૈયારી માટે મેડિકલ એડવાઈઝરી કમિટી દ્વારા તા.૩૦ ઓક્ટોબર મંગળવાર સાંજે ૪ થી ૫ કલાકે એક મિટીંગનું આયોજન કરાયું હતું. ૧૦ કમિટી મેમ્બરોએ સહભાગ લીધો હતો.

સંમેલનમાં જ્ઞાતિના ડૉક્ટરોની ડિરેક્ટરી પ્રકાશિત કરી તેનું વિમોચન કરાય, એ માટેની તૈયારીઓ શરૂ કરાઈ છે. હાલના સમયમાં પ્રવર્તતા સામાન્ય રોગો, જટીલ રોગોના ઉપાયો, ઉપચાર સુલભ થાય એ માટેની વિસ્તૃત માહિતી સંમેલન દરમ્યાન અપાય એવું આયોજન માટે ચર્ચા વિચારણા કરાઈ હતી.

## સંમેલનની પૂર્વ તૈયારી માટે નારી સશક્તિકરણ સમિતિની મિટીંગ થઈ





નલિયા ખાતે તા.૨૩ થી ૨૫ ડિસેમ્બર સુધી યોજાનારા મહાસંમેલનમાં નારી સશક્તિકરણ સમિતિના કાર્યક્રમનો અજેન્ડા અને તેમાં થનારી કાર્યવાહીની પૂર્વ તૈયારીઓ માટે ચર્ચા વિચારણા કરવા તા.૩૦ ઓક્ટોબર મંગળવાર રોજ બપોરે ૧૨ થી ૨ દરમ્યાન યોજાઈ. જેમાં ૧૨ થી ૧૫ કમિટી મેમ્બર બહેનો સહભાગ લઈ રસપૂર્વક કાર્યવાહીમાં ભાગ લઈ સૂચન અને ચર્ચા વિચારણા કર્યા હતા.

સંમેલન દરમ્યાન અલગ ડોમમાં નારી સશક્તિકરણ સમિતિના નેજા હેઠળ વિવિધ કાર્યક્રમો, સેમિનાર, ચર્ચા સત્ર યોજાશે. હજીપણ નારી સંમેલનમાં ભાગ લેવા જે કોઈએ ફોર્મ ન ભરેલ હોય તે ફોર્મ ભરી નોંધણી કરાવી લે એવી સૂચના ફરી અપાઈ છે.



આશ્વ એથનિક્સ
પ્રસંગ પરિધાનનું મથક
શેરવાની • કુર્તા • જેકેટ્સ • સુટ
પુરૂષોની પ્રથમ પસંદગી
ગ્રાહકની ઈચ્છા માંગ અને
જરૂરિયાત અનુરૂપ
પૌરૂષત્વને નિખારતું પરિધાન
એકવારની મુલાકાત –
સદાયનો થશે સંગાથ
ફેક્ટરી આઉટલેટ
બી–૫૭, શાંતિ ઈન્ડસ્ટ્રીઝ,
સરોજીની નાયડુ રોડ,
તાંબેનગર,
મુલુંડ(વેસ્ટ)
વિશિષ્ટતા
કસ્ટમાઈઝડ
ડિઝાઈન
સમય : સવારે ૧૧.30 થી ૮.00
(ગુરૂવારે બંધ)
વધુ વિગત માટે સંપર્ક
Call : 8169873626
ખાસ વિશિષ્ટતા
ચુડીદાર સુટ, શેરવાની સુટ અને ધોતી સુટ, સ્પે.રાજનીતિ મોદી સુટ

# NOW SAVE UPTO 99%#
# ON PREMIUM OF YOUR COMMERCIAL VEHICLES*

## (ZERO DEP COVER ALSO AVAILABLE)





# VALID TILL 15/11/2018

* T&C APPLY

insurancekhoj.com™

the ultimate stop for insurance ™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

**karani**

insurancekhoj@gmail.com ◆ 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

# તૃતીય સંમેલનના સોળ ઠરાવો

**ઠરાવ ૧. પ્રસ્તુતકર્તા : પ્રમુખશ્રી શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન**

'ભારતભરતના શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજનોના તા.૧૫-૧૨-૧૯૯૦ના મુંબઈ ખાતે મળેલ પૂર્વ સંમેલનની સભામાં સર્વાનુમતે પસાર કરવામાં આવેલ ઠરાવ અનુસાર શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન તથા સંમેલનના બંધારણની આ સંમેલન નોંધ લઈ બહાલી આપે છે. આ શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન તા.૧૩-૧૨-૧૯૯૧ થી અમલી બને છે.'

**ઠરાવ ૨. પ્રસ્તુત કર્તા : શ્રી રાજેન્દ્ર મણિલાલ ખોના**

'આપણા સાધુ સાધ્વીઓની, તેમની નાદુરસ્ત તબિયત અને અશક્ત અવસ્થામાં સ્થિરવાસ તથા કાયમી વૈયાવચ્છ કરવાનું આ સંમેલન ઠરાવે છે.'

**ઠરાવ ૩. પ્રસ્તાવ : શ્રી કોચીન મહાજન**

૧) શ્રી જયાબેન દામજી નાગડા, મહિલા સમિતિ સંમેલન' ૯૧

૨) શ્રી નવીન આણંદજી લોડાયા, પાંજો પરિવાર અમદાવાદ.

૩) શ્રી કાંતિષ દેવશી શાહ

૪) શ્રી ઉમરશી જીવરાજ ધ્રોળ

આપણા જ્ઞાતિજનોના ટૂંક સમયના રોકાણ માટે સુવિધારૂપ નીવડે તેવું સમુચિત અતિથિગૃહ સર્વે મહાજનશ્રીઓના આર્થિક સહયોગ સાથે મુંબઈમાં સત્વરે સ્થાપવાનું આ સંમેલન ઠરાવે છે.

**ઠરાવ ૪. પ્રસ્તુત કર્તા : ખરડા સમિતિ**

સમસ્ત જ્ઞાતિ મહાજનશ્રી, જ્ઞાતિના મહાજનોની તથા જ્ઞાતિના મહાજનોની તથા જ્ઞાતિ સંસ્થાઓની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી જ્ઞાતિજનોને પહોંચે તે હેતુંથી, સમસ્ત મહાજનશ્રીને તેનું તટસ્થ મુખપત્ર શરૂ કરવા આ સંમેલન ભલામણ કરે છે.

**ઠરાવ ૫. પ્રસ્તુત કર્તા :**

**૧) શ્રી કુમારપાલ કાનજી મોમાયા ૨) શ્રી હેમેન્દ્ર દામજી ખોના ૩) શ્રી પુનશી લખમશી માલદે ૪) શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા ૫) શ્રી જયાબેન દામજી નાગડા ૬) શ્રી નલિયા જ્ઞાતિ મહાજન**

'જ્ઞાતિજનોના રહેઠાણથી જરૂરિયાતોમાં મદદરૂપ થવા જ્ઞાતિના બાંધકામ વ્યવસાયના અનુભવી વ્યવસાયિકો અને કાયદાના નિષ્ણાતોની મદદથી વિવિધ સ્થળે સહકારી ધોરણે વસાહતો ઉભી કરવા આ સંમેલન ઠરાવે છે. સહકારી સોસાયટીના નિર્માણ માટે રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે સ્થપાયેલી નાણાંકીય સંસ્થાઓ જેવી કે એલ.આઈ.સી., એચ.ડી.એફ. સી., એન.એચ.બી., હુડકો ઈત્યાદિની જરૂર પડે તો સહકાર લેવા ઠરાવે છે. ઉપરાંત જરૂરિયાત મંદોને રહેઠાણથી કિંમતના ૧૦% જેટલી રકમનું ઋણ આપવા ખાસ ભંડોળ ઉભું કરવાનું ઠરાવે છે.'

**ઠરાવ ૬. પ્રસ્તુત સુચન :**

**૧) શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા ૨) શ્રી કિરણ એમ. મોમાયા ૩) શ્રી વાલજી વેરશી ખોના ૪) શ્રી હેમરાજ એમ. ગોશર ૫) શ્રી શાંતિલાલ દામજી દંડ ૬) શ્રી મણીલાલ ભવાનજી લોડાયા**

'વ્યવસાયિક, ઔદ્યોગિક તેમજ રોજગાર વિનિમય અંગેની માહિતી ઉપલબ્ધ કરી અને તેનું આદાન પ્રદાન કરવા સર્વે વ્યવસ્થા સાથેનું કાર્યક્ષેત્ર ધરાવતું આયોજન કેન્દ્ર રચવા આ સંમેલન ઠરાવે છે.

**ઠરાવ ૭. રજુ કર્તા : ખરડા સમિતિ**

'જ્ઞાતિજનોના સર્વાંગી વિકાસ માટે જ્ઞાતિના વિવિધ નાણાકીય સ્ત્રોતને સમુચિત પ્રવાહમાં વાળીને જ્ઞાતિ ઉપયોગી વિવિધલક્ષી ઉદ્દેશોની પૂર્તિ માટે જરૂરી નાણાકીય નિગમો સ્થાપવાનો આ સંમેલન અનુરોધ કરે છે.

**ઠરાવ ૮. રજુ કર્તા : શ્રી કોચીન મહાજન**

**શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા**

'યુવા શક્તિની પ્રતિભાને જ્ઞાતિના પ્રવાહમાં સંમિલિત કરવા યુવા મંચ જેવી યોગ્ય સંસ્થાઓ સ્થાપી તેના વિકાસ માટે

# તૃતીય સંમેલનના સોળ ઠરાવો (૧૨મા પાનેથી ચાલુ)

જરૂરી સુવિધાઓ પૂરી પાડવા અને તાલીમ પામેલ જ્ઞાતિની યુવા શક્તિઓના પરસ્પર આદાન પ્રદાન દ્વારા જ્ઞાતિની વિવિધ સંસ્થાઓને લાભપ્રદ નીવડે એવી યંત્રણા ઉભી કરવા, સર્વે જ્ઞાતિ મહાજનોને તથા એકમોને આ સંમેલન અનુરોધ કરે છે અને જ્ઞાતિના યુવા વર્ગને આ ઉદ્દેશની પરિપૂર્તિ માટે આવાહન કરે છે.'

**ઠરાવ ૧૦. પ્રસ્તાવ અને સૂચન :**

'શ્રી અમલનેર મહાજન, શ્રી જયાબેન દામજી નાગડા, બેલ્લારી, ખરડા સમિતિ.'

'આજના સમય અનુસાર અચલગચ્છીય પરંપરા પ્રમાણે બાળવર્ગ, યુવાવર્ગ, સહિત જ્ઞાતિજનો આપણા ધર્મ અને દશાઈ સંસ્કૃતિ પ્રત્યે શ્રદ્ધાપૂર્વક અનુરાગ અને રૂચી કેળવે એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવા અને ઉત્તેજન આપવા આ સંમેલન સર્વે જ્ઞાતિજનોને અનુરોધ કરે છે.'

**ઠરાવ ૧૧. રજૂ કર્તા અને સૂચન :**

**૧) શ્રી મહિલા સમિતિ, સંમેલન ૧૯૯૧ ૨) શ્રી કોચીન મહાજન ૩) શ્રી લહેરચંદ વેલજી મૈશેરી ૪) શ્રી મદ્રાસ મહાજન**

'આજનું આ સંમેલન ઠરાવે છે કે :-

અ) હવેથી સંઘપૂજન-કેસર/સુખડનો ચાંદલો આપી કરવું.

બ) હવેથી વર્તમાન પત્રોમાં આવતી મૃત્યુ નોંધ ફક્ત 'કચ્છી દશા ઓશવાલ જૈન' એ મથાળા હેઠળ આપવી.

ક) જ્ઞાતિમાં લગ્નજીવનના ક્લેશ તથા છૂટાછેડાનો લગતા કિસ્સાઓમાં સ્થાનિક મહાજન દ્વારા નિવેડો લાવવો. તેમ શક્ય ન બને તો સમસ્ત મહાજન દ્વારા નિમાયેલ લવાદ પંચ દ્વારા યોગ્ય રીતે નિવડો લાવવાની યંત્રણા ઉભી કરવી.

ડ) સામાજિક સુરક્ષાની દ્રષ્ટિએ બચત યોજનાઓ, બાળ કલ્યાણ નિધી, જીવન અને સામાજિક સુરક્ષા વિમા યોજના ઈત્યાદિ અપનાવવી.

**ઠરાવ ૧૨. પ્રસ્તુત કર્તા :**

**૧) શ્રી કોચીન મહાજન ૨) શ્રી હંસકુમાર લક્ષ્મીચંદ છેડા ૩) શ્રી હીરાચંદ કરમશી પટેલ ૪) શ્રી નલીયા જ્ઞાતિ મહાજન.**

'શૈક્ષણિક ક્ષેત્રે પદ્ધતિસરનો વિકાસ સાધવા જરૂરી એવી શૈક્ષણિક સંસ્થાઓ તેમજ શૈક્ષણિક અને વ્યવસાયિક અભ્યાસક્રમો અંગે માર્ગદર્શન અને માહિતી કેન્દ્રો શક્ય હોય ત્યાં પ્રસ્થાપિત કરવા આ સંમેલન અનુરોધ કરે છે.

**ઠરાવ ૧૩. રજુ કર્તા : ખરડા સમિતિ**

'આ સંમેલન જ્ઞાતિના વિવિધ ટ્રસ્ટો અને સંસ્થાઓ હેતુઓ, ઉપલબ્ધ ફંડો અને કાર્ય પદ્ધતિની માહિતી એકત્રીત કરી જ્ઞાતિના સર્વાંગી વિકાસ અને ઉત્કર્ષ માટે ઉપરોક્ત વિવિધ સંસ્થાઓનો જ્ઞાતિ માટે વધારામાં વધારે સારી રીતે ઉપયોગ થઈ શકે તે ઉદ્દેશથી સમુચિત વિચારસરણી ઘડવાનું અને એમની પ્રવૃત્તિઓનું સંકલન કરવાનું ઠરાવે છે. આ હેતુની, પૂર્તી માટે જ્ઞાતિના વિવિધ ટ્રસ્ટો અને સંસ્થાઓનો સંપૂર્ણ સહકાર આપવા અનુરોધ કરે છે.'

**ઠરાવ ૧૪. પ્રસ્તુત કર્તા અને સૂચન:**

**૧) શ્રી સુથરી મહાજન ૨) શ્રી હેમરાજ એમ. ગોશર ૩) શ્રી જયચંદ શામજી મોતા ૪) શ્રી તેરા મહાજન**

આપણા વહાલા વતન કચ્છ અને હાલારના વિકાસ માટે સર્વે જ્ઞાતિજનો સાથે મળી બધી રીતે સક્રિય પણે પ્રયાસ કરે.

**ઠરાવ ૧૫. રજુ કર્તા : ખરડા સમિતિ**

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ સંમેલન ૧૯૯૧. તા.૧૩-૧૨-૧૯૯૧ના મળેલ પ્રથમ બેઠકમાં સર્વાનુમતે પસાર થયેલ ઠરાવ નં.૧ અનુસાર શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન તથા સંમેલન બંધારણ તા.૧૩-૧૨'૯૧થી અસ્તિત્વમાં આવે છે. આથી, શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ સંમેલન (૧૯૭૯) દરમ્યાન પસાર થયેલ ઠરાવ નં.૨૩ અનુસાર શ્રી ભરત બી. ખીમજીના પ્રમુખ હેઠળ નિમાયેલ શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ સમિતિની અવધિ પૂર્ણ થયેલ છે.

## તૃતીય સંમેલનના સોળ ઠરાવો (૧૩મા પાનેથી ચાલુ)

જ્ઞાતિરત્ન શ્રી ભરત બી. ખીમજીની સેવાઓની સંમેલન કદર કરે છે. આ સાથે મજકુર જ્ઞાતિ સમિતિ અન્ય સર્વે સભ્યોની સેવાઓની પણ આ સંમેલન કદર કરે છે.

**ઠરાવ ૧૬. પ્રસ્તાવ મોકલનાર : શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન હુબલી**

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ સંમેલન ૧૯૯૧ની તા.૧૩-૧૨-૧૯૯૧ના મળેલ પ્રથમ બેઠકમાં સર્વાનુમતે પસાર થયેલ ઠરાવ નં.૧ અનુસાર અસ્તિત્વમાં આવેલ શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન તથા સંમેલનના બંધારણની રૂએ જરૂરી કાર્યવાહી કરવા, આ સંમેલન એના પ્રમુખ શ્રી રાજેન્દ્ર મણીલાલ ખોનાને સર્વસત્તા અધિકાર તથા જવાબદારી સોંપવાનું સર્વાનુમતે ઠરાવે છે. જ્ઞાતિરત્ન શ્રી ભરત બી. ખીમજીની સેવાઓની સંમેલન કદર કરે છે. આ સાથે મજકુર જ્ઞાતિ સમિતિ અન્ય સર્વે સભ્યોની સેવાઓની પણ આ સંમેલન કદર કરે છે.

**ઠરાવ ૧૬. પ્રસ્તાવ મોકલનાર : શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન હુબલી**

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ સંમેલન ૧૯૯૧ની તા.૧૩-૧૨-૧૯૯૧ના મળેલ પ્રથમ બેઠકમાં સર્વાનુમતે પસાર થયેલ ઠરાવ નં.૧ અનુસાર અસ્તિત્વમાં આવેલ શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન તથા સંમેલન બંધારણની રૂએ જરૂરી કાર્યવાહી કરવા, આ સંમેલન એના પ્રમુખ શ્રી રાજેન્દ્ર મણીલાલ ખોનાને સર્વસત્તા અધિકાર તથા જવાબદારી સોંપવાનું સર્વાનુમતે ઠરાવે છે.

**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા





Organises

# NATURE CURE CAMP

## SEASON 2

| Batch 1 | Batch 2 |
|---|---|
| Date: 2nd to 10th March, 2019 | Date: 9th to 17th March, 2019 |

Only at

Rs. 5400/- (NonAC-four sharing basis)
Rs.7300/- (NonAC-two sharing basis)
Rs.9200/- (AC-two sharing basis)

Includes Stay, Food and Treatments | Excludes Tickets (For all age K.D.O.)

| | | | |
|---|---|---|---|
| Complete Accommodation in Well Furnished Rooms | | Natural Diet With Natural Herbal Drinks & Fresh Fruit Juices | |
| Counselling | Foot & Arm Baths | Ice Applications | |
| Reflexology | Mud Applications | Meditation & Yoga | |
| Magneto Therapy | Kidney Pack | Hot & Cold Fomentations | |
| Local Steam | Wet Packs | Enema | Gastro Hepatic Pack |

# Limited seats first come first serve basis*

**For Registrations Contact**

Sandeep Shah 9867167387 | Nital Lodaya 9819680021 | Yashodhan Karani 9821137737

Naturopathy · Yoga · Ayurveda · Relaxation · Rejuvenation

*Terms and conditions apply

**RATAN VEER NATURE CURE CENTRE, KUTCH, BIDADA**

# શ્રી ક.દ.ઓ. પાર્શ્વ મિત્ર મંડળ મુલુંડ ચેકનાકા દ્વારા ચૈત્ય પરિપાટીનું આયોજન થયું





શ્રી ક.દ.ઓ. પાર્શ્વ મિત્ર મંડળ મુલુંડ ચેકનાકા દ્વારા અવારનવાર ધર્મ-ભક્તિના કાર્યક્રમો નિયમિત યોજાતા રહે છે. જ્ઞાતિના ભાઈ-બહેનો સંગ સંગ રહી સાથ સાથે સંગઠન રાખી ધર્મ ધ્યાન પ્રવૃતિઓ કરતા રહે છે. જેમાં દર માસે મહાકાલી માઁની ભાવના કરતાં હતાં. પીયૂષ પાણિ, અલિબાગ વિગેરે સ્થાનકોએ ચૈત્ય પરિપાટી પ્રવાસ યોજાયેલ.

આ વખતે તા.૨૮ ઓક્ટોબર રવિવારનાં એક બસમાં ૪૦ જણ મહિલા પુરૂષો મળી સવારે ૭ કલાકે મુલુંડ ચેકનાકાથી કાસરવડવલી જવા પ્રયાણ કર્યું. જ્યાં દેરાસરમાં દર્શન વંદનાનો સૌએ પ્રથમ લાભ લીધો. ત્યાંથી લોઢા ધામ તીર્થમાં દર્શન પૂજા કરી નવકારશીનો લાભ લીધો. ત્યાંથી સૌ કામણમાં પછી મહાવીરધામ દેરાસરમાં દર્શન વંદનનો લાભ લીધેલો. એ પછી આગળ નાકોડાધામમાં ભક્તિ દર્શન કરી જીવદયા ધામ ગયા. જ્યાં દર્શન વંદના કરી બપોરનું ભોજનનું લાભ લીધો. ત્યાં ગૌશાળાની મુલાકાત ગૌવંશને નિરણ-ચારો આપી ગૌસેવા કરી કૃતાર્થ થયા.

બપોરે નાગેશ્વર ધામમાં ચા-પાણી લઈ. દેરાસરમાં ભક્તિ આરાધના સાથે વંદના કરી. સાંજ પહેલા ચૌવિહાર કરી આરતી તથા મંગળ દીવો પ્રગટાવવાનો સૌએ લાભ લીધો. જ્યાં દાતા પરિવારોનું સન્માન અભિવાદન કરાયું. સાંજે ૭ કલાકે ત્યાંથી પ્રયાણ કરી રાત્રે ૯ કલાકે મુલુંડ ચેકનાકા સુખરૂપ સૌ પહોંચી પોતાના ગંતવ્યે પહોંચ્યા હતા.

ચૈત્ય પરિપાટી સંઘ પ્રવાસના મુખ્ય દાતા બસ સુવિધા માતુશ્રી લક્ષ્મીબેન વિશનજી હીરજી છેડા પરિવાર નલીયા, તરફથી કરાઈ હતી. સવારના નવકારશી માટેનાં દાતા હેમરાજ ભવાનજી ખોના વરાડિયા, બપોરના જમણવારના રાજેન્દ્ર ભવાનજી ગડા ગોસરસમા, બપોરના ચા-પાણીના દાતા યાત્રા પ્રવાસની પાંચ મહિલા બહેનો જયશ્રીબેન લોડાયા, લક્ષ્મીબેન છેડા, હીરાવંતીબેન લોડાયા, ધનલક્ષ્મીબેન લોડાયા, જ્યોતિબેન છેડા રહ્યાં હતાં. જ્યારે સાંજના ચોવિહારના દાતા દેવકરબેન અજીત લોડાયા તથા મીનાબેન ભરતભાઈ પીર સુથરીવાળા હતા. સંઘપૂજન રૂા.૧૧૦નું થયું હતું.

પરિપાટી પ્રવાસ માટે મિત્ર મંડળના મંત્રી નિતેશ મૂળજી ગોસર, પ્રમુખ હેમરાજભાઈ ભવાનજી ખોના સાથે નવીન મોમાયા, પરેશ મૈશેરી તથા મનિષ ખોનાએ જહેમત ઉઠાવી આયોજનને સફળ બનાવ્યું હતું.





# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈની વાર્ષિક-સામાન્ય સભા મંગળવાર તા.૨૦ નવેમ્બર ૨૦૧૮ના રોજ મસ્જિદ બંદર, મુંબઈ ખાતે

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈની એક **સામાન્ય સભા સંવત ૨૦૭૫ના કારતર સુદ ૧૩ના મંગળવાર તા. ૨૦-૧૧-૨૦૧૮ના સાંજના ૬.૩૦ શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી**ના ઉપાશ્રયમાં નીચે દર્શાવેલ કાર્યસૂચી પર **વાર્ષિક-સામાન્ય સભા**માં ચર્ચા વિતારણ અને નિર્ણય લેવા બાબત એકત્ર થશે.

## કાર્યસૂચી

૧. ગત તા. ૧૮-૦૯-૨૦૧૮ ની સભાની કાર્યવાહીનું વાંચન અને બહાલી.

૨. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ વ્યવસ્થાપક સમિતિની સભામાં સર્વાનુ મતે મંજુર કરવામાં આવેલ વર્ષ ૧૬-૧૭-૧૮-૧૮ અન્વેષિત (Audited) હિસાબોને મંજૂરી આપવા બાબત.

૩. શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો  ના સર્વાનું મતે મંજુર કરવામાં આવેલ વર્ષ ૨૦૦૭, ૨૦૦૮, ૦૮-૦૯, ૦૯-૧૦, ૧૦-૧૧,૧૧-૧૨, ૧૨-૧૩, ૧૩-૧૪, ૧૪-૧૫, ૧૬-૧૭ના અન્વેષિત (Audited) હિસાબોને મંજુરી આપવા બાબત.

૪. પ્રમુખશ્રી મંજુરીથી કે તેમના દ્વારા જે રજુઆત થાય તે.

એજ.લિ.

**શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ** વતી

**રમેશ હીરજી લોડાયા, ચેતનકુમાર ખીમજી મોમાયા**

*(માનદ મંત્રી)*

## નોંધ : -

૧. સભાના મુકરર થયેલ સમયથી અડધા કલાકની અંદર કાર્યસાધક હાજરી ન થાય તો તે સભા બંધારણની કલમ ૧૨ (૧) મુજબ મુલત્વી રહેલી સભા અડધા કલાક બાદ તે જ સ્થળે મળશે.

૨. મુલત્વી રહેલી સભામાં કાર્યસૂચી ઉપર દર્શાવેલ કાર્યો જ હાથ ધરી શકાશે. પ્રમુખશ્રી તરફથી કે તેમની સંમતિથી અથવા કોઈ રીતે નવીન કાર્યો હાથ ધરી શકાશે નહીં.

૩. (ઓડિટેડ) અન્વષિત હિસાબોની નકલ મહાજનશ્રીની અને ટ્રસ્ટની ઓફિસમાં જોવા માટે ઉપલબ્ધ છે. સમય બપોરના ૩.૦૦ થી ૫.૦૦ દરમ્યાન સંપર્ક કરવો. ટ્રસ્ટ અને મહાજનના હિસાબો બાબત તા. ૧૭-૧૧-૨૦૧૮ ના સાંજના ૫.૦૦ વાગ્યા સુધી આવેલા લિખિત પ્રશ્નોનાજ ખુલાસા સામાન્ય સભામાં આપવામાં આવશે તેની નોંધ લેશાજી.

# જલગાંવ મહાજનશ્રી દ્વારા આરોગ્ય શિબિર યોજાઈ






શ્રી જલગાંવ ક.દ.વિ.ઓ. જૈન મહાજનશ્રીની મહિલા વર્ગ દ્વારા સંચાલિત ભાવના મંડળ દ્વારા આરોગ્યમ્ શિબિરનો આયોજન તા.૨૮-૧૦-૨૦૧૮ને રવિવારના મહાજનવાડીમાં કરવામાં આવેલ હતો.

આ શિબિરને સાર્થક કરવા માટે મલકાપૂર નિવાસી શ્રીયુત છત્રપતિ શેઠ (છગ્ગુ ભા) નરશી જેઠાભાઈ દંડ પોતાની ટીમ સાથે પધારીને પોતાની એક્યુપ્રેશરની આગવી શૈલીથી જલગાંવના જ્ઞાતિજનોની તબીબી સારવાર કરીને પોતાની નિઃશુલ્ક સેવાથી પરોપકારી માનવ સેવાનો ઉત્તમ ઉદાહરણ પ્રસ્તુત કરેલ.

આ આરોગ્યમ્ શિબિરમાં એક્યુપ્રેશર ઉપરાંત સ્ટીમ શોક થેરેપી વાઈબ્રેટર થેરેપી, મસાજ સર્વાઈકલ થેરેપી જેવી વિવિધ થેરેપીનો ઉપયોગ કરવામાં આવેલ હતો. ઉપરોક્ત કાર્યક્રમને સફળ બનાવવા માટે મંડળના અધ્યક્ષા અ.સૌ.ટીનાબેન રાજેન્દ્ર પોલડીયા અને ઉપાધ્યક્ષા અ.સૌ. કાશ્મિરાબેન જીતેશ લોડાયાએ વિશેષ પરિશ્રમ લીધેલ તેમજ શ્રી જલગાંવ મહાજનશ્રીના પદાધિકારીઓ સહ મંડળની સદસ્ય બહેનોએ સહકાર્ય આપેલ.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી ક.દ.ઓ. જૈન મહાજનશ્રી ભુજ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા





શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન શ્રી ભુજ દ્વારા મહાકાળી માતાજીની ભાવના, સમૂહ ક્ષમાપના તથા સન્માન કાર્યક્રમો એકમ-ભવન ભુજ મધ્યે યોજાયા હતા. જેમાં સમાજવાસીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પ્રારંભે મહાકાળી માતાજીની ભાવનામાં હેમંત છેડા, કલ્યાણજીભાઈ ડાઘા, ગીતાબેન લોડાયા, અમીતા જૈને તવનોની રમઝટ જમાવી હતી. મનીષ ધરમશી, કનિષ્ક શાહ ઢોલ તબલાથી સાથ આપ્યો હતો.

સમાજનાં તપસ્વી ભાઈ-બહેનોનું સન્માન અનીલાબેન વિકમશી, દમયંતીબેન મોતા, ગીતાબેન લોડાયા, જયુબેન શાહ, જયશ્રીબેન જીવાણી તથા આગેવાનીનાં વરદ્ હસ્તે કરવામાં આવેલ.

આ પ્રસંગે વર્ધમાનનગર ગ્રામપંચાયતના સરપંચ પદે ચૂંટાયેલા શ્રીમતિ જ્યોતિબેન હેમંત વિકમશીનું સમાજ દ્વારા બહુમાન કરવામાં આવેલ. શ્રી હરીશભાઈ વિકમશી, પ્રબોધ મુનવર, દિલીપ મોતા, ખુશાલ લોડાયા, હીરાચંદ છેડા, કિરણ નાગડા, હરિશ લોડાયા, ઉદય વિકમશી, હેમંત જીવાણી તથા આગેવાનોના હસ્તે કરવામાં આવેલ.

ક.દ.ઓ. જૈન યુવક મંડળ દ્વારા તૈયાર કરવામાં આવેલ સંપર્ક સેતુ-૨૦૧૮ ની વિમોચનવિધિ મુખ્યદાતા માતુશ્રી માનબાઈ પદમશી પરિવાર હસ્તે અનીલાબેન હરીશભાઈ પદમશી વિકમશીનાં વરદ હસ્તે કરાવામાં આવેલ. દાતા પરિવારનું યુવક મંડળ દ્વારા શ્રી તુષાર જૈન, પંકજ નાગડા, દિપેશ શાહ, અભય ધરમશી, રાહુલ દંડ, પારસ ડાઘા, નિરવ મોતા તથા કાર્યકરોના વરદ હસ્તે સન્માન કરવામાં આવેલ મહાભારત ઉપર પીએચડી કરનાર મોનાબેન ધન્ય વિકમશીનું મહાજનશ્રી દ્વારા બહુમાન કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રબોધ મુનવરે જ્યારે આભાર દર્શન શ્રી ખુશાલ લોડાયાએ કરેલ. વ્યવસ્થામાં દરેક કાર્યકરોએ સહકાર આપ્યો હતો.

# અબડાસા તાલુકાની આપણી પાંજરાપોળોની મિટીંગ થઈ



તા. ૨. નવેમ્બર શુક્રવાર સાંજે ૭ કલાકે રોજ સમસ્ત મહાજનશ્રી કાર્યાલયમાં અબડાસા તાલુકાની વિવિધ પાંજરાપોળના ટ્રસ્ટોની મિટીંગથી જેમાં પ્રવીણભાઈ હંસરાજ લોડાયા આરીખાણા સંગે કોઠારા પાંજરાપોળના શ્રી દિનેશભાઈ લાલજી અજાણી, જખૌ પાંજરાપોળના ભરતભાઈ મૂળજી મૈશરી, તેરા પાંજરાપોળના નરેન્દ્ર શામજી દંડ, નલીયા પાંજરાપોળ ટ્રસ્ટ તરફથી પિનાકીનભાઈ જે. છેડા અને શ્રી મુલચંદભાઈ મોતા તથા સુથરી પાંજરાપોળ વતીથી શ્રી કીર્તિભાઈ લોડાયા વિગેરે મળ્યા હતા અને હાલની કપરી પરિસ્થિતિને કારણે ઉદભવેલી સ્થિતિ વિષે વિશદ ચર્ચા વિચારણા કરી હતી. અને તેના ઉપાયો માટે વિચાર વિમર્શ કર્યો હતો.

# સંમેલન શા માટે નહીં? – રાજેન્દ્ર મણીલાલ ખોના

**તૃતીય સંમેલનના પ્રમુખશ્રી**



(ગયા અંકથી આગળ) ગતાંકની વાતમાં આગળ વધતા સંમેલન એક એવું મંચ છે, જ્યાં જ્ઞાતિજનો પોતાની રીતે પોતાની વાતો રજૂકરી શકે તેના માટે યથાર્થ દલીલો કરી શકે અને તે વાતને પરિપૂર્ણ રીતે જ્ઞાતિના ઉપયોગમાં જોડી શકે. આપણામાંના ઘણા હજીપણ મોબાઈલના સ્માર્ટફોનમાં ફોન રીસીવ કરવો, ફોન ડાયલ કરવો કે વોટ્સઅપ જોવો એથી વધારે ફંકશન જાણતા નથી. જ્યારે આજનું સાત-આઠ વર્ષનું બાળક સ્માર્ટફોનમાં પોતાને ઉપયોગી બધા જ એપ ખોલી લે છે. એનો વપરાશ કરે છે અને તેને બંધ કરીને ચૂપચાપ બેસી પણ જાય છે. માવિત્ર જ્યારે સાંજના જુએ ત્યારે ખબર પડે કે એ બાળકે કેટલો ડેટા વાપરી નાખ્યો છે. આવા વાતાવરણની અંદર જ્ઞાતિના નવોદિતોને પોતાની વાતો રજૂ કરવા માટેનું મહત્વનું પ્લેટફોર્મ એટલે સંમેલન છે એટલે સંમેલન ભરવું, સંમેલન ભરવા માટે સહયોગ કરવો તથા સંમેલનમાં હાજર રહેવું એ દરેક જ્ઞાતિજનોની પવિત્ર ફરજ છે.

